તાપમાન
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૧૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૪ | ૧૫ એપ્રિલ, ૨૦૧૬, શુક્રવાર ; ચૈત્ર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ માટે ઇ-ટ્રેડિંગ પ્લેટફોર્મ શરૂ
- સંઘના ગઢ નાગપુરમાં કનૈયા કુમાર ઉપર હવે શૂઝ ફેંકાયું
- પ્રતિબંધ છતાં લશ્કરે તોઇબાને નાણા મળી રહ્યા છે : અહેવાલ
- કાફિરોના ઇમામની હત્યા કરવાનો આઇએસ દ્વારા આદેશ
- મણિપુરમાં એન્કાઉન્ટરમાં આર્મીના મેજર શહીદ થયા
- યુએસ વિઝા ફીમાં વધારો પક્ષપાત : જેટલી
- સપા અને ભાજપ બંને બધા મોરચે નિષ્ફળ : માયાવતી
- રાહુલે છેલ્લા ૪ માસમાં પ્રત્યુષા પાસેથી ૩૫ લાખ પડાવી લીધા હતા
- કોલ્લામ મંદિર અગ્નિ કાંડમાં ચીની ભૂમિકામાં ચકાસણી શરૂ

# કાશ્મીરમાં હિંસક અથડામણ બાદ ભારે તંગદિલી

### મોબાઈલ ઈન્ટરનેટ સેવા હજુ બંધ : હિંસક અથડામણ, ગોળીબારમાં ચારના મોત : સતત બીજા દિવસે કાશ્મીરના જુદા જુદા ભાગોમાં કર્ફ્યુ જેવી સ્થિતિ

શ્રીનગર,તા. ૧૩

કાશ્મીરના જુદા જુદા



ભાગોમાં આજે બીજા દિવસે પણ કર્ફ્યુ જેવા નિયંત્રણો યથાવતરીતે અમલી રહ્યા હતા. મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ બંધ રાખવામાં આવી છે. કારણ કે, ખીણમાં હજુ પણ તંગદિલી પ્રવર્તી રહી છે. મંગળવાર બાદથી હિંસક વિરોદ પ્રદર્શન દરમિયાન સુરક્ષા દળો દ્વારા લેવામાં આવેલા પગલામાં ચાર લોકોના મોત થઈ ગયા બાદ વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. ઉત્તર કાશ્મીરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે કુંપવારા શહેર, હેન્ડવારા, મેગમ, લાનગેટ વિસ્તારમાં કઠોર નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું છે કે, મંગળવારના દિવસે હેન્ડવારા શહેરમાં એક જવાન દ્વારા યુવતીની છેડતી સામેના વિરોધમાં હિંસક અથડામણો શરૂ થઈ હતી. જો કે, સેનાએ જવાન દ્વારા છેડતી કરાઈ હોવાના અહેવાલને રદિયો આપી દીધો છે. શ્રીનગર શહેરના છ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નિયંત્રણો યથાવતરીતે અમલી રાખવામાં આવ્યા છે. પથ્થરમારાના છુટાછવાયા બનાવો હજુ પણ બની રહ્યા છે. પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે, જે છ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નિયંત્રણો છે તેમાં મહારાજગંજ, નોવાટા, રેનવાડી, મેસુમા અને ખાનયારનો સમાવેશ થાય છે. અલગતાવાદી સંગઠનો દ્વારા આપવામાં આવેલી હાકલના પરિણામ સ્વરુપે જનજીવન

● અનુસંધાન પાન-૭ પર



લોકાભિરામમ્ રણરંગધરમ્ રાજીવનેત્રમ્ રઘુવંશનાથમ્ ।
કારુણ્યરૂપમ્ કરુણાકરમ્ તમ્ શ્રીરામચંન્દ્રમ્ શરણમ્ પ્રપદ્યે ॥

# કામ મુશ્કેલ છે જેથી હું પીએમ છું : મોદી

### બાબાસાહેબની જ્યંતિ પ્રસંગે મધ્યપ્રદેશ પહોંચ્યા : બાબાસાહેબની ભારે પ્રશંસા કરી બાબા સાહેબ જેવી હસ્તી અમારી પ્રેરણા બને તો કોઈપણ કામ મુશ્કેલ નથી

મહુ,તા. ૧૪

ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના પ્રસંગે મધ્યપ્રદેશ પહોંચેલા વડાપ્રધાન મોદીએ બાબાસાહેબના વિઝન અને તેમના કામોની જોરદાર પ્રશંસા કરી હતી. સાથે સાથે કોંગ્રેસ ઉપર પણ પ્રહારો કર્યા હતા. મોદીએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, છેલ્લા છ દશકથી હંમેશા ગરીબ, ગરીબ કહેનાર લોકોએ ગરીબો માટે શું કર્યું હતું. મોદીએ આ ગાળા દરમિયાન ગેસ કનેક્શન, જનધન યોજના, ગામો સુધી વિજળી પહોંચાડવા જેવા કામો માટે સરકારની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, મુશ્કેલ તબક્કામાં જ લોકોએ તેમને વડાપ્રધાન તરીકેની જવાબદારી સોંપી હતી. મોદીએ કહ્યું હતું કે, તેઓ ગામના અર્થતંત્રને બદલવા માંગે છે. ખેડૂતોની આવક બે ગણી કરવા માંગે છે જ્યારે તેઓ આ વાત કરી રહ્યા હતા ત્યારે અર્થશાસ્ત્રીઓ કહી રહ્યા હતા કે, આ કામ ખુબ મુશ્કેલ છે. અર્થશાસ્ત્રીઓને તેઓએ જવાબમાં કહ્યું હતું કે, મુશ્કેલ કામ છે તેથી જ તેઓને વડાપ્રધાન તરીકેની જવાબદારી લોકોએ સોંપી છે. આંબેડકર અંગે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, બાબાસાહેબ એક વ્યક્તિ ન હતા. તેઓ સંકલ્પના બીજા નામ

● અનુસંધાન પાન-૭ પર



બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિએ પૂર્વ ઓફિસર ડીજી વણઝારાએ પણ પુષ્પાંજલિ આપી હતી.

# બંદર વિકાસ માટે એક લાખ કરોડ ભેગા કરાશે : મોદી

### પ્રથમ મેરિટાઈમ ઈન્ડિયા સમિટની વિધિવત શરૂઆત : વૈશ્વિક મૂડીરોકાણકારોને રોકાણ કરવા આમંત્રણ : બંદરોની ક્ષમતા ૧૪૦ કરોડ ટનથી વધારી ૩૦૦ કરોડ ટન લઈ જવાશે : માસ્ટર પ્લાન રજૂ કરાયો






મુંબઈ,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારતમાં પ્રથમ મેરિટાઈમ ઈન્ડિયા સમિટ (એમઆઈએસ)નું ઉદ્‌ઘાટન કરતા ભારતના માસ્ટર પ્લાનની વાત કરી હતી. ઉદ્‌ઘાટન પ્રસંગે બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ આંબેડકરને ભારતીય બંધારણની સાથે સાથે ભારતની વોટર એન્ડ રિવર નેવિગેશન પોલિસીના ઘડવૈયા તરીકે પણ ગણાવ્યા હતા. મોદીએ તેમની ૧૨૫મી જન્મજયંતિ પ્રસંગે આંબેડકરને યાદ કર્યા હતા અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. આ સેક્ટર માટે સરકારના પ્લાનની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, મેરિટાઈમ સેક્ટરમાં મૂડીરોકાણની તક સાથે ૨૫૦થી વધુ પ્રોજેક્ટો રહેલા છે. દેશની ૭૫૦૦ કિલોમીટર લાંબા દરિયાઈ કાંઠાને આર્થિક વૃદ્ધિના એન્જિન તરીકે બનાવી દેવાની જરૂરિયાત ઉપર ભાર મુકતા મોદીએ કહ્યું હતું કે, ભારત બંદર-વિકાસ માટે એક લાખ કરોડ રૂપિયાના રોકાણ એકત્રિત કરવાની ઈચ્છા ધરાવે છે. વડાપ્રધાને વૈશ્વિક રોકાણકારોને આ કાર્યમાં રોકાણમાં આમંત્રણ આપ્યું હતું. મોદીએ મેરિટાઈમ ઈન્ડિયા સમિટનું ઉદ્‌ઘાટન કરતા કહ્યું હતું કે, ભારતમાં આવવા માટેનો આ સૌથી શ્રેષ્ઠ સમય છે. દરિયાઈ માર્ગ મારફતે આવવાની બાબત વધુ સારુ છે. મોદીએ એમઆઈએસના

● અનુસંધાન પાન-૭ પર

# એનડીએ સરકારને બળવાનો સામનો કરવો પડશે : વાઢેરા

### રાજકારણમાં સામેલ થવાનો પરોક્ષ સંકેત : આગળ વધવા માટે પત્નિ પ્રિયંકાની જરૂર નથી : તેમની પાસે પુરતા પૈસા-ક્ષમતા છે : રોબર્ટ વાઢેરાની પ્રતિક્રિયા

નવી દિલ્હી,તા. ૧૪

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાએ કહ્યું છે કે, આગળ વધવા માટે તેમને પ્રિયંકાની કોઈ જરૂર નથી. રોબર્ટ વાઢેરાએ રાજકારણમાં પ્રવેશ કરવાની શક્યતાને પણ નકારી નથી. આની સાથે જ કોંગ્રેસ પાર્ટી નવી ચર્ચા છેડાઈ ગઈ છે. રોબર્ટ વાઢેરાએ કહ્યું છે કે, આગળ વધવા માટે તેમના પત્નિ પ્રિયંકા ગાંધીની જરૂર નથી. તેમની પાસે પણ ઘણું છે. તેમના પિતા તેને ઘણું આપીને ગયા છે. તમામ પ્રકારની પરિસ્થિતિનો સામનો



કરવા માટે તેમની પાસે પુરતું જ્ઞાન છે. હરિયાણામાં પોતાની જમીન સોદાબાજી માટે ચકાસણી હેઠળ રહેલા રોબર્ટ વાઢેરાએ કહ્યું હતું કે, તેઓ ક્યારે પણ ભારત છોડશે નહીં. તેઓ ભારતમાં જ જન્મ્યા અને ઉછર્યા છે. હેરાન કરવામાં આવશે તો પણ ભારત છોડશે નહીં. રોબર્ટ વાઢેરાએ આ વાત કરીને કોંગ્રેસ છાવણીમાં નવી ચર્ચા જગાવી છે. અત્રે નોંધનીય છે કે, એક સભ્યના પંચ દ્વારા હરિયાણામાં રોબર્ટ વાઢેરાની જમીન સોદાબાજીમાં તપાસ ચાલી રહી છે.

# રાજ્યભરમાં આંબેડકર જયંતિની શાનદાર ઉજવણી

### કેક કાપવામાં આવી, આતશબાજી પણ કરાઈ : સ્વચ્છતા ઝુંબેશ, ડાયરાનું આયોજન : રક્તદાન શિબિરનું પણ આયોજન કરાયું


અમદાવાદ, તા.૧૪

બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે અમદાવાદ સહિત રાજ્યભરમાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં બે સ્થળો ઉપર ૧૨૫ કિલોની કેક કાપવામાં આવી હતી. આ ઉપરાંત કેટલીક જગ્યાએ આતશબાજી પણ કરવામાં આવી હતી. ડાયરાના આયોજન પણ કરવામાં આવ્યા હતા. સ્વચ્છતા ઝુંબેશ પણ હાથ ધરાઈ હતી. આંબેડકરની જન્મજયંતિએ રક્તદાનનું પણ આયોજન કરાયું હતું. રાણીપમાં ગુડફિલ સામાજિક વિકાસ સંઘ અને જીવરાજપાર્ક ખાતે ભીમસેના દ્વારા કેક કટિક અને ભવ્ય આતશબાજી કરાઈ હતી. રાણીપમાં ડાયરાનું પણ આયોજન થયું હતું. ઉપરાંત આજે સવારે ડો. બાબાસાહેબ આંબેડકરને સલામી આપવા માટે જીવરાજપાર્ક ખાતેથી બાઈક રેલી નીકળી હતી. આંબેડકર જન્મજયંતિ પ્રસંગે શહેરના દરેક વોર્ડમાં સ્વચ્છતા ઝુંબેશનું મ્યુનિસિપલ કોર્પોરેશને આયોજન કર્યું છે. અભિયાનમાં સ્થાનિક સ્કૂલો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને દરેક સોસાયટીઓના પ્રતિનિધિઓનો સહકાર લેવામાં આવ્યો છે. સ્વચ્છતા ઝુંબેશ માટે દરેક પબ્લિક હેલ્થ ઓફિસરને પણ દરેક વોર્ડની જવાબદારી સોંપવામાં આવી છે. અભિયાન દરમિયાન લોકોને પોતાનું આંગણું સ્વચ્છ રાખવા અપીલ કરાઈ રહી છે. પ્રદેશ કોંગ્રેસ દ્વારા રાજ્યના ૩૩ જિલ્લા, ૮ મહાનગર અને ૨૪૯ તાલુકામાં બાબાસાહેબ આંબેડકર જયંતી નિમિત્તે સંવિધાન સે સ્વાભિમાન યાત્રા કઢાઈ છે. મુખ્ય સમારોહ અમરાઈવાડીમાં પ્રગતિનગર પાસે સવારે ૧૦ કલાકે યોજાયો હતો. ચાંદખેડા ખાતે રક્તદાન શિબિર, ડો. આંબેડકર વિચારધારા પર વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાંદખેડા શ્યામ સારથી બંગ્લોઝ ગ્રૂપ દ્વારા આયોજીત કાર્યક્રમ અંતર્ગત સવારે ૮થી ૧૨ દરમિયાન ચાંદખેડા સર્કલ, એસટી બસ સ્ટેન્ડની બાજુમાં રક્તદાન શિબિરનું આયોજન કર્યું હતું.

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

નવભારત હોલીડેઝ
સમર વેકેશનમાં આપની રજાઓ માણો... નવભારત હોલીડેઝ સાથે
3 A.C. રેલ્વે કોચમાં કન્ફર્મ ટિકિટ
સસ્તી ગ્રુપ એર ટિકિટ
લેહ-લડાખ | દાર્જીલીંગ | ગંગટોક
કાશ્મીર | હિમાચલ | ગોવા
પોર્ટ બ્લેર | ચારધામ | નૈનીતાલ
૬-૭, ગણેશ પ્લાઝા, ડે-નાઈટ સામે, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ
6199 9000, 2644 1555, 98258 04079

HOT SPOT in HOT SEASON for FAMILY PICNIC




નિરવતાનો રવ...
bansari Greens
Special Discount Packages for two Persons*
2 Night Stay @ Rs. 8,500+Tax (Monday to Friday) (Except Festivals)
2 Night Stay @ Rs. 9,500+Tax (Saturday-Sunday & Holidays)
Offer Includes Lunch - Hi-tea - Dinner & Morning Breakfast.
We also offer indoor - outdoor Games & Swimming.
* conditions apply
For Booking Call
Ashish Soni : 70690 96551
Biren Shrimali : 99249 31224
Hiren Mehta : 70690 96550
Nr. Grambharti, Gandhinagar-Mahudi Road, At. Aluva, Dist. Gandhinagar.
e-mail : info@bansarigreensresort.com, www.bansarigreensresort.com